સહભાગી સિંચાઈ વ્યવસ્થા યોજના હેઠળ લાભિત ખેડૂતોની સિંચાઈ સહકારી મંડળીઓની નોંધણીની સત્તા તથા મંડળીઓએ કરેલ કામોના ચુકવણા અંગે સ્પષ્ટતા.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆઈએમ/૨૦૦૧/૧૭૪૩/૪/ક.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૧૦/૨૦૦૧

વંચાણે લીધા :-

૧. ન.જ. અને પા.પુ.વિભાગનો તા.૧/૬/૯૫નો ઠ.ક્ર./પીજીટી/૧૦૯૩/૮/ક.૩.
૨. ન.જ. અને પા.પુ.વિભાગનો તા.૨૨/૧૧/૯૫નો ઠ.ક્ર./પીઆઈએમ/૧૦૯૫/૩/(૩)/સી.૧

પ્રસ્તાવના :-

સરકાર દ્વારા થતી કામગીરી પૈકી શક્ય તેટલી કામગીરીનું ખાનગીકરણ કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. નાણાં વિભાગ દ્વારા પણ કામો ખાતાકીય રીતે કરવાને બદલે લાભાર્થી ખેડૂતોના લોક જૂથ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે તેવી સૂચનાઓ વખતો વખત બહાર પાડવામાં આવી છે. જળસંપત્તિ વિભાગ દ્વારા સહભાગી સિંચાઈ વ્યવસ્થા બાબત તા.૧/૬/૯૫ના રોજ ક્રમાંક :પીજીટી/૧૦૯૩/૮/ક.૩ થી પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. આ પરિપત્ર બહાર પાડવાનો મુળ ઉદેશ પ્રવર્તમાન જળસંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવતી સિંચાઈ માટેની કામગીરી જેવી કે પાણીનું વિતરણ, નહેરોની મરામત અને ઉપયોગ વગેરે લાભાર્થી ખેડૂત જૂથો દ્વારા કરવામાં આવે તે હતો. સહભાગી સિંચાઈ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત સચિવશ્રી (જળસંપત્તિ)ના અધ્યક્ષપદે અન્ય એક સમિતિની રચના પણ કરવામાં આવી છે.

મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ સમિતિએ જળસંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવતી સિંચાઈની કામગીરી તબક્કાવાર લાભાર્થી ખેડૂત જૂથોને સોંપવા માટેનું આયોજન કરેલ. જે મુજબ ૨૦૦૩ની સાલ સુધીમાં સિંચાઈ વિસ્તારના ૫૦ ટકા વિસ્તારને સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક રાખેલ હતો. પરંતુ સહભાગી સિંચાઈ વ્યવસ્થામાં આયોજનની સરખામણીમાં મેળવેલ સિધ્ધિ નહીંવત છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થાની બાબતમાં આંધ્રપ્રદેશ મોડલ અને ગુજરાત મોડલની ચર ા કેન્દ્ર સરકાર સ્તરે પણ થયેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થામાં સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થા ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરના શ્રી અનીલભાઈ શાહ સાથે થયેલ ચર્ચા અનુસાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાની બાબતમાં આંધ્રપ્રદેશ મોડલની સરખામણીમાં ગુજરાત મોડલ વધુ સારૂ છે. પરંતુ પ્રવર્તમાન પધ્ધતિ પ્રમાણે લાભાર્થી ખેડૂતોના જૂથોને કેટલીક વ્યવહારૂ મુશ્કેલીઓ/ અગવડતાઓ પડતી હોવાથી તેઓ સહભાગી સિંચાઈ વ્યવસ્થામાં ભાગ લેવા આગળ આવતા નથી. જેના પરિણામે આયોજન પ્રમાણે સિધ્ધિ મેળવી શકાઈ નથી. સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પીજીટી/૧૦૯૩/૮/ક.૩, તા.૧/૬/૯૫થી બહાર પાડવામાં આવેલ ઠરાવના મુદ્દા નં.૩માં જણાવ્યા પ્રમાણે ખેડૂતોના સંગઠનોની નોંધણી રાજય સરકારના પ્રવર્તમાન સહકારી વિભાગના કાયદા પ્રમાણે સોસાયટીઝ રજીસ્ટ્રેશન કાયદા કે ઈન્ડીયન કંપની એકટ મુજબ કરવાની થાય, તેમ છતાં શરૂઆતના તબક્કામાં સૂચિત સિંચાઈ મંડળ તરીકે નર્મદા અને જળસંપત્તિ પ્રભાગ મારફત સંગઠનને વર્તુળ કક્ષાએ માન્ય કરવા સત્તા અપાયેલ.

લાભાર્થી ખેડૂતોના જુથને પડતી સૌથી મોટી મુશ્કેલી/અગવડતા/હેરાનગતી તેઓની મંડળીનું સહકાર વિભાગના નિયમો અનુસાર રજીસ્ટ્રેશન કરાવવા બાબતની છે. આ પ્રથામાં આમુલ પરિવર્તન લાવ્યા વગર સહભાગી સિંચાઈ વ્યવસ્થા બાબતમાં સફળતા મળે તેવી કોઇ શકયતા જણાતી નથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં લાભાર્થી ખેડૂતોના જૂથને પડતી અગડતાઓ દૂર કરવાથી આ યોજનાને સફળતા મળવાનું શકય બન્યું છે. આ યોજના હેઠળ સહકાર વિભાગની કોઈપણ મંજુરી વગર ફકત જે તે કાર્યક્ષેત્ર ધરાવતા કાર્યપાલક ઈજનેર કક્ષાએ લાભાર્થી ખેડૂતોના જૂથનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવે છે. આ જ પ્રમાણે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા સિંચાઈ માટે બનાવવામાં આવેલ પાતાળકૂવાના સંચાલન અને મરામતની નિભાવણીની કામગીરી નિગમ દ્વારા જ કરવામાં આવતી હતી. પરંતુ સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ આ પાતાળ કૂવાઓના સંચાલન અને મરામતની કામગીરી લાભાર્થી ખેડૂતોના જૂથને સોંપવા માટે આ જૂથોએ સહકાર વિભાગના નિયમો અનુસાર તેઓની મંડળીનું રજીસ્ટ્રેશન કરાવવું પડતું હોઈ, આ યોજનાને સફળતા મળી ન હતી. ત્યાર બાદ આ રજીસ્ટ્રેશની પ્રથામાં ફેરફાર કરી લાભાર્થી ખેડૂતોના જૂથને નિગના અધીક્ષક ઈજનેર કક્ષાએ નોંધણી કરાવવાનું નક્કી કરતાં પાતાળકૂવાઓ લાભાર્થી ખેડૂતોના જૂથને સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ સંચાલન અને મરામત માટે સોંપી દઈ શકાયા છે.

આમ, સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ સફળતા મેળવવા માટે ખેડૂતો અને સિંચાઈની કામગીરી સાથે સંકળાયેલ ક્ષેત્રિય અધિકારીઓ સાથે ચર્ચા કરતાં જળસંપત્તિ વિભાગને સહભાગી સિંચાઈ વ્યવસ્થાની યોજનાને નિષ્ફળતા મળવાનું મુખ્ય હાર્દ એ જણાયેલ છે કે જળસંપત્તિ વિભાગ દ્વારા લાભાર્થી ખેડૂતોના જૂથનું સહકાર વિભાગના નિયમો અનુસાર મંડળીનું રજીસ્ટ્રેશન કરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે તે છે. વિશેષમાં, વિભાગ દ્વારા કરવામાં આવતી સિંચાઈ વ્યવસ્થામાં સંકળાયેલ કર્મચારીઓ/અધિકારીઓના મોટા પગાર ભથ્થાનો ખર્ચ, જરૂરી મરામતના કામો પ્રત્યે દાખવવામાં આવતી બેદરકારી, નિષ્ઠાનો અભાવ, ખેડૂતોનો પાક બળતો હોય ત્યારે કાળજીપૂર્વક પાણી પુરૂં ન પાડવું, સિંચાઈના દરની વસુલાત ન લાવવી અને પાણીનો થતો દુર્વ્યય જેવા કારણો જવાબદાર છે. આથી આવા સંજોગોમાં જે પ્રમાણે ચેકડેમની યોજનામાં અને પાતાળકૂવાની યોજનામાં સહકાર વિભાગના નિયમો અનુસાર લાભાર્થી ખેડૂતોના જૂથની મંડળીની નોંધણીની પ્રથા ન અનુસરતા ફકત વિભાગના જે તે કાર્યક્ષેત્ર ધરાવતા અધીક્ષક ઈજનેરને, સૂચિત સિંચાઈ મંડળ તરીકે નોંધણી કરાવાની મંજુરી, જે સરકારશ્રીના તા.૧/૬/૯૫ના નીતિ વિષયક ઠરાવથી અગાઉ શરૂઆતના તબક્કામાં અપાયેલ છે તેને બદલે હવે સિંચાઈ મંડળને કાયમી રજીસ્ટ્રેશન આપવા માટેની સત્તા જળસંપત્તિ પ્રભાગના વર્તુળ કક્ષાએ આપવાની બાબત સરકાર કક્ષાએ વિચારણા હેઠળ હતી. આ ઉપરાંત કેનાલની મરામતની કામગીરી ખેડૂત જૂથો મારફતે કરાવવાની બાબત પણ વિચારણા હેઠળ હતી જે પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૧) તથા (૨)ના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઈઓના સંદર્ભ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧. સરકારશ્રીના ઠરાવ ક્રમાંક :પીજીટી/૧૦૯૩/(૮) ક.૩ તા.૧-૬-૯૫ થી બહાર પાડવામાં આવેલ મુદ્દા ક્રમાંક: ૩માં જણાવ્યા પ્રમાણે ખેડૂતોના સંગઠનોને નોંધણી શરૂઆતના તબક્કામાં સૂચિત સિંચાઈ મંડળ તરીકે માન્ય કરવા અધીક્ષક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ તેને બદલે આવા સિંચાઈ મંડળને કાયમી નોંધણી આપવાની સત્તા અધીક્ષક ઈજનેરશ્રીઓને આપવનું નક્કી કરવામાં આવેલ છે. આ રજીસ્ટ્રેશન ફકત સિંચાઈના કામો માટે જ લાગુ પડે છે.

૨. મરામતના કામ માટે સંબંધિત વિસ્તારના ૫૦ ટકા ખેડૂતોનું જૂથ જો આની બાંધકામ કરવાની કામગીરી કરવા આગળ આવે તો તથા ૧૦ ટકા ભાગીદારી ખર્ચમાં એટલે કે અંદાજીત કિંમતના ૯૦ ટકા ખર્ચ કરે તો તેઓને પ્રાધાન્યતા આપવી.

૩. મરામતના કામ માટે પણ ઉપર ફકરા નં.૧માં દર્શાવેલ સત્તા અન્વયે અધીક્ષક ઈજનેરશ્રી દ્વારા ખેડૂતોના નહેરની મરામતની કામગીરી માટે નોંધણી આપવાની સત્તા આપવામાં આવે છે. જે બાબતે ઉપર ફકરા નં.ર પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

૪. આવી કામગીરીની જરૂરિયાત બાબતે વહીવટી મંજુરી, તાંત્રિક મંજુરી, અંદાજપત્રિય જોગવાઈ બાબતે જરૂરી કાર્યવાહી યોજનાના સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ કરવાની રહેશે. તથા કરેલ કામગીરીને ગુણવત્તા નિયમન તંત્ર દ્વારા ચકાસણી કરાવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(પી.એમ.પટેલ)
સેકશન અધિકારી,
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પ્રતિ,
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સિંચાઈ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (ઉર્જા અને પેટ્રો કેમિકલ, સહકાર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર